આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૧૩૪ | ૨૪ જુલાઇ, ૨૦૧૩, બુધવાર; અષાઢ વદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

બાપદાદાની મહાનતાની માળા ફેરવનાર પોતાનું ભાગ્ય ભાગ્યે જ ફેરવી શકે છે
- વજુ કોટક

જિલ્લા પંચાયતના પ્રમુખપદે હિના પટેલ

જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં બહુમતીથી હિના પટેલ વિજયી : ગુરૂવારે નવનિયુક્ત પ્રમુખ કાર્યભાર સંભાળશે

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લા પંચાયતના ૨૬મા પ્રમુખ તરીકે આજે શ્રીમતિ હિનાબેન હરેશકુમાર પટેલને ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા છે. તેઓ ગુરૂવારે પોતાના નવા હોદ્દાનો કાર્યભાર વિજયમુહૂર્તમાં સંભાળશે.

જિલ્લા પંચાયતના કાર્યકારી પ્રમુખ શ્રીમતિ ભીખીબેન ઠાકોરના અધ્યક્ષ સ્થાને મળેલી આજની બેઠકમાં શ્રીમતિ હીનાબેન પટેલની તરફેણમાં ૧૯ અને વિરૂદ્ધમાં ૮ મત પડતાં તેમને બહુમતિથી વિજય બનેલા જાહેર કરવામાં આવ્યા હતા. તેમણે ભાજપના ડાહીબેન ઠાકોરને પરાજય આપ્યો હતો.

શ્રીમતિ ભીખીબેન ઠાકોરના અધ્યક્ષપદે આજે બપોરે બે વાગે પંચાયતના સરદાર હોલમાં બેઠક મળી હતી. શ્રીમતિ ઠાકોરે સભાનું કામકાજ શરૂ કરતાં ચૂંટણીની પ્રક્રિયા જિલ્લા કલેક્ટરશ્રી સ્વરૂપને હાથ ધરવા જણાવ્યું હતું.

અધ્યાશી અધિકારી તરીકે જિલ્લા કલેક્ટર શ્રી પી. સ્વરૂપે સ્થાન લઈ અને ચૂંટણી પ્રક્રિયા હાથ ધરવા અંગેની જાહેરાત કરી હતી. દરમ્યાન કોંગ્રેસ પક્ષ તરફથી મળેલ મેન્ડેટનું ખુલ્લું વાંચન કરવામાં આવ્યું હતું.

આ પછી અધ્યાશી અધિકારીશ્રીએ પ્રમુખપદ માટે મળેલ બન્ને ઉમેદવારોની દરખાસ્તો અંગેની જાણકારી આપી હતી. આ પછી ભાજપના ઉમેદવાર ડાહીબેન ઠાકોરના નામનો પ્રસ્તાવ તેમણે મત પર મુક્યો હતો. સભ્યોનો તેમના હાથ ઊંચા કરી મતદાન કરવા જણાવાયું હોવાથી તે અંગેની ગણત્રી કરાઈ હતી. ડાહીબેનની તરફેણમાં ૮ મત પડ્યા હતા. જ્યારે વિરૂદ્ધમાં ૧૯ મત પડ્યા હતા.

આ પછી શ્રીમતિ હીનાબેન હરેશકુમાર પટેલની દરખાસ્ત મતદાન માટે રજુ થઈ હતી. કોંગ્રેસના ૧૯ સભ્યોએ તેમની તરફેણમાં હાથ ઊંચા કરી મતદાન કર્યું હતું. આ પછી વિરોધમાં કેટલા તે અંગે મતદાન કરાવાયું હતું. તો ભાજપના ૮ સભ્યોએ વિરોધમાં મતદાન કર્યું હતું.

પંચાયતના સભ્યોની સંખ્યાને ધ્યાને રાખી જિલ્લા કલેક્ટરશ્રી સ્વરૂપે શ્રીમતિ હીના પટેલને વિજયી જાહેર કરી તેમને અધ્યક્ષપદ સંભાળવા જણાવ્યું હતું. અત્યંત ગંભીર વાતાવરણમાં શ્રીમતિ હીના પટેલે સ્થાન સંભાળ્યુ તે પૂર્વે કલેક્ટરશ્રી સ્વરૂપ અને જિલ્લા વિકાસ અધિકારી શ્રી ભટ્ટે તેમને અભિનંદન આપ્યા હતા. આ પછી શ્રીમતિ પટેલે સ્થાન સંભાળતા જ બેઠક પૂર્ણ થયાની જાહેરાત કરાઈ હતી.

શ્રીમતિ હીના પટેલના વિજયને તેમના સમર્થકોએ વધાવી લીધો હતો

● અનુસંધાન પાના-૭ પર

એન્જિનીયરીંગની પ્રવેશ પ્રક્રિયા ગેરબંધારણીય : ગુજરાત હાઈકોર્ટ

વિદ્યાર્થીઓના ટકાના આધારે ફરીથી પ્રવેશ ફાળવવા હુકમ : પ્રસેન્ટાઈલના આધારે એન્જિનીયરીંગમાં ફાળવવામાં આવેલા પ્રવેશને રદ કરવા હાઈકોર્ટનો મહત્વપૂર્ણ આદેશ

અમદાવાદ, તા.૨૩

ગુજરાત ટેકનિકલ પ્રવેશ સમિતિ દ્વારા ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓને જેઈઈની પરીક્ષાના પ્રસેન્ટાઈલના આધારે એન્જિનીયરીંગમાં પ્રવેશ ફાળવવામાં આવ્યા છે. જો કે હાઈકોર્ટે આ સમગ્ર પ્રવેશ પ્રક્રિયાને ગેરબંધારણીય ગણાવી પર્સેન્ટાઈલના આધારે ફળવાયેલ પ્રવેશ રદ કરવા માટે આદેશ કર્યો છે એટલું જ નહી વિદ્યાર્થીઓએ પરીક્ષામાં મેળવેલ ટકાના આધારે નવેસરથી પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવા હુકમ કર્યો છે. જેના કારણે એન્જિનીયરીંગમાં પ્રવેશ મેળવી ચૂકેલ ૬૬,૦૦૦ જેટલા વિદ્યાર્થીઓના ભવિષ્ય સામે પ્રશ્નાર્થ લાગી ગયો છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ પ્રવેશ સમિતિ દ્વારા રાજ્ય એન્જિનીયરંગની ૬૮,૦૦૦ બેઠકો માટે જેઈઈ ની પ્રર્સેન્ટાઈલના આધારે પ્રવેશ ફાળવવામાં આવ્યા છે જો કે સેન્ટ્રલ બોર્ડના વિદ્યાર્થીઓએ આ

● અનુસંધાન પાના-૭ પર

ગુજરાત સરકારમાં 13000+ થી વધુ (વર્ગ-3) કક્ષાની જગ્યાઓ ટૂંક સમયમાં પ્રસિદ્ધ થશે !
સંભવિત જગ્યાઓ
બિન સચિવાલય કલાર્ક તથા અન્ય વર્ગ-3 કક્ષા-5000, ડેટા ઓપરેટર (સચિવાલય) 700 તલાટી-1800, PSI-500, કોન્સ્ટેબલ-4500
લાયકાત ધો. 12 પાસ, ઉમર : (18 થી 28) વર્ષ
માસ્ટર કોર્ષ-2014
₹ 11,000/- F
₹ 14,000/- M
FREE
ગાંધીનગર 01.8.2013 10 થી 11:30
મહેસાણા 08.8.2013 12:15 થી 1:45
TCCI EDUCATION PVT. LTD.
હોસ્ટેલ સગવડ ઉપલબ્ધ છે

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧

સે. ૩૦માં સેન્ટ્રલ યુનિ. સંકુલમાંથી મચ્છરોના વ્યાપક બ્રિડીંગ મળ્યા

ભારત સરકારની સંસ્થાને તંત્રએ બે દિવસમાં પગલાં લેવા માટે કરેલી કડક તાકીદ

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર સે. ૩૦માં આવેલ સેન્ટ્રલ યુનિ. ના કેમ્પસમાંથી મચ્છરોના મોટા પાયે બ્રીડીંગ મળી આવતાં મ્યુનિ. કોર્પો.ના આરોગ્ય સત્તાવાળાઓએ તાત્કાલિક પગલાં લેવા ચેતવણી આપી છે અને બે દિવસમાં જો આ કાર્યવાહી નહિ થાય તો તે અંગે આગળ પરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેમ જણાવ્યું છે.

ગાંધીનગર સે. ૩૦માં સેન્ટ્રલ યુનિ. ખાતે વોટર હાર્વેસ્ટીંગ પ્રોજેક્ટ બનાવવામાં આવ્યો છે. જેમાં પાણી જમીનમાં ઉતરવાને બદલે ત્યાં જ જમા થતાં મચ્છરોના વ્યાપક પ્રમાણમાં બ્રીડીંગ મળી આવતાં ચોંકી ઉઠેલા તંત્રએ તાત્કાલિક પગલાં લેવા માટે યુનિ. સત્તાવાળાઓને જણાવ્યું હતું.

ભારત સરકારના માનવ સંશાધન મંત્રાલય હસ્તકની આ યુનિ. હોવાથી તંત્ર દ્વારા પગલાં લેવા માટે આનાકાની કરાઈ હતી. જોકે તંત્રના અધિકારીઓએ સ્થળ પર જ નોટીસની બજવણી કરી દીધી હતી અને બે દિવસમાં પગલાં લેવા જણાવ્યું હતું.

ગાંધીનગર શહેરમાં મેલેરિયા માટે સે. ૩૦એ સંવેદનશીલ વિસ્તારની યાદીમાં સમાવિષ્ટ થયેલ છે. ગઈ વખતે આ સેક્ટરમાંથી ડેન્ગ્યુના તેમજ મેલેરિયાના કેસો મળી આવ્યા હતા. તંત્ર દ્વારા છેલ્લા બે દિવસથી શહેરના તમામ જાહેર સ્થળો અને સંસ્થાનોની મુલાકાત લઈ આ અંગેની તપાસ કરવામાં આવી રહી છે. સેન્ટ્રલ યુનિ. સંકુલમાંથી મળી આવેલા બ્રિડીંગ વ્યાપક હોવાથી તંત્રએ પણ આ મુદ્દે આક્રમક વલણ દાખવ્યું છે. બે દિવસમાં જો પગલાં લેવામાં નહિ આવે તો હવે શું કાર્યવાહી કરવામાં આવે છે તેના પર સૌની નજર કેન્દ્રીત થઈ છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર અને ડે. મેયર આ વિસ્તારનું પ્રતિનિધિત્વ કરી રહ્યા છે. કોર્પોરેશન દ્વારા શહેરની શૈક્ષણિક સંસ્થાને પહેલીવાર આવી ચેતવણી સાથે પગલાં લેવા માટે સૂચવવામાં આવતાં શહેરમાં સન્નાટો ફેલાઈ જવા પામ્યો છે.

કડી સર્વ વિશ્વવિદ્યાલય
M.Ed. પ્રવેશ 2013-14
છેલ્લી તારીખ : ૦૨-૦૮-૨૦૧૩
સંપર્ક : 079-23244181, 23248131
9377149258 - 9898340340
M.Ed. માટે : 9428000783

મીનરલ વોટર પ્લાન્ટ
ઉજ્જવળ ભવિષ્ય - મહત્તમ વળતર
મેળવી આપતો વ્યવસાય
8511010101
D-11, Diamond Park, G.I.D.C, Naroda, Ahmedabad.
Ph: 22819065 / 22815181

હસ્ત શિલ્પ મેલા
પ્રદર્શન અને વેચાણ ૨૦૧૩
તા.૧૯-૦૭-૨૦૧૩થી શુભારંભ
ઘ-૫ કોર્નર, ઓપન એર થિયેટરની બાજુમાં સેક્ટર-૧૬, ગાંધીનગર

ઋણ સ્વીકાર

શ્રીમતી હિના પટેલ
પ્રમુખશ્રી, ગાંધીનગર જિલ્લા પંચાયત
મા. અર્જુનભાઈ મોઢવાડિયા
મા. શંકરસિંહજી વાઘેલા
મા. જગદીશભાઈ ઠાકોર
મા. સોનલબેન પટેલ
મા. શૈલેષભાઈ પરમાર
મા. બળદેવજી ઠાકોર
મા. અમીતભાઈ ચૌધરી
મા. કામીનીબા રાઠોડ
મા. રેખાબેન ચૌધરી
મા. અશ્વિનભાઈ બારોટ
મા. સૂર્યસિંહ ડાભી